eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 123
October. 12, 2007

## સાઉથ ઝોન ઉધનાની દબાણ હટાવવા અંગેની કામગીરી

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ડે.મ્યુ.કમિશનરશ્રી (જન) ના માર્ગદર્શન હેઠળ આજ રોજ તા.૦૪/૧૦/૦૭ ના રોજ સોસીયો સર્કલથી સી.એન.જી. ગેસ ફીલીંગ સ્ટેશન સુધીના મગદલ્લા ૧૫૦ ટી.પી. રસ્તા પર દબાણ અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી .

વધુ માટે કલીક કરો >>>>>>

## "નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ

"નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭" અંતર્ગત તા.૦૫/૧૦/૦૭ ને શુક્રવારના રોજ સવારે ૯ : ૦૦ થી ૦૨ : ૦૦ કલાક દરમ્યાન બી.પી. અર્બન હેલ્થ સેન્ટર દ્વારા પ્રણામી મંદિર આંબેડકર બાગની સામે, નવી ચાલના ચોગાનમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની રોડ સાઈડ માર્જીનમાં તેમજ ફુટપાથ પર થયેલ દબાણ દુર કરવાની કામગીરી

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં તા.૦૫/૧૦/૦૭ના રોજ મુખ્ય રસ્તા પરના રોડ સાઈડ માર્જીનમાં તેમજ ફુટપાથ પર થયેલ દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ) ની કામગીરી

શહેર સુરતનાં ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા.પ્લોટ નં. ૬૭ વાળી સહારાદરવાજા બહાર સ્મીમેર હોસ્પિટલ સામે આવેલ જમીનમાં (સાંઈ કિરણ) તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં ટીડીઓ નં. ૧૨૬, તા.૧૯/૦૮/૯૯ થી મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ બેઝમેન્ટના પાર્કિંગવાળા ભાગમાં આશરે ૨૫૦૦ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન ઉધનાની દબાણ હટાવવા અંગેની કામગીરી

સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં ડે.મ્યુ.કમિશનરશ્રી (જન) નાં માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી (ઉધના) ઝોન તેમજ વરાછા ઝોનની સીધી દેખરેખ હેઠળ બમરોલી અલથાણ બ્રીજ તરફ જતા ૧૫૦ ફૂટના રસ્તા પર પિયુષ ચાર રસ્તાથી પત્રકાર કોલોની ચાર રસ્તા પર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેરી બસ સર્વિસમાં સ્વાતંત્ર્ય સેનાનીઓને બસ ભાડામાં ૧૦૦% રાહત

સુરત મહાનગરપાલિકા દ્વારા ચલાવવામાં આવતી સુરત શહેરી બસ સર્વિસમાં સ્વાતંત્ર્ય સેનાનીઓને ભાડામાં ૧૦૦% રાહત આપવામાં આવનાર છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવા સદનના એનર્જી એફીસીયન્સી સેલ દ્વારા પાણી પુરવઠા તથા સુએઝ ડીસ્પોઝલની એચટી સર્વિસો માટે ૧૦% રાહત

GUVNL તથા તેની સંલગ્ન ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓ મારફત વર્ષ ૨૦૦૬–૦૭ નો ટેરીફ નક્કી કરવા GERC માં પીટીશન દાખલ કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ) ની કામગીરી

શહેર સુરતનાં ટી.પી.સ્કીમ નં.૨૪ (ટુંકી) ફા.પ્લોટ નં. ૩૪ પૈકી, સબપ્લોટ નં.૧ વાળી વેડ રોડ, અખંડ આનંદ કોલેજ સામે આવેલ જમીનમાં "રોયલ પ્લાઝા" તરીકે ઓળખાતી બિલ્ડીંગની પશ્ચિમ દિશા તરફે તથા દક્ષિણ દિશા તરફ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) ની દબાણ હટાવવા અંગેની કામગીરી

મેડીકલ કોલેજ ગેટ પાસેથી તથા આજુ બાજુનું દબાણ હટાવવા બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૨/૧૦/૦૭ થી તા.૨૧/૧૦/૦૭ સુધી ફુડ ફેસ્ટિવલનું આયોજન

નવરાત્રિના પર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતની સ્વાદપ્રિય જનતાને એક જ સ્થળે વિવિધ વાનગીઓના રસપ્રદ કરાવતા ફુડ ફેસ્ટિવલનું આયોજન મ્યુ.પાર્ટી પ્લોટ, ક્રાંતિ મેદાન, ભાતની વાડી, વરાછા ઝોન ઓફિસની સામે, વરાછા, સુરત ખાતે કરવામાં આવ્યું છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સપ્ટેમ્બર ૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમા સપ્ટેમ્બર માસ દરમ્યાન ૧૨૩૧૯ ઈન્ડોર તથા ૩૪૯૨૦ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી .

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન ઉધનાની દબાણ હટાવવા અંગેની કામગીરી

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ડે.મ્યુ.કમિશનરશ્રી (જન) ના માર્ગદર્શન હેઠળ આજ રોજ તા.૦૪/૧૦/૦૭ ના રોજ સોસીયો સર્કલથી સી.એન.જી. ગેસ ફીલીંગ સ્ટેશન સુધીના મગદલ્લા ૧૫૦ ટી.પી. રસ્તા પર દબાણ અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. સદર કામગીરી દરમ્યાન અંદાજે ૧૨ જેટલા ઓટલા પર પતરાનાં શેડ તેમજ ૧૦ જેટલી મિલ્કતોમાં ઓટલાના દબાણ તેમજ ૪ (ચાર) મિલ્કતોમાં બોર્ડ તેમજ ૧૦ (દશ) લારી–ગલ્લાં તેમજ ૩ (ત્રણ) સીડી દાદર વિગેરેનું દબાણ હટાવી દબાણ ડેપો ખાતે જમા લેવામાં આવેલ હતા. તદઉપરાત અંદાજે ૫ (પાંચ) જેટલી મિલ્કતોમાં પુઠાના તેમજ કચરાના પોટલાંને ભરાવી દબાણ ડેપો ખાતે જમા લેવામાં આવેલ હતા. તદઉપરાંત ૮ (આઠ) જેટલા માર્બલવાળાનું પણ દબાણ હટાવવામાં આવેલ હતું.

તેમજ સદર કામગીરી દરમ્યાન વહીવટી ચાર્જ પેટે રૂા. ૧૪,૬૫૦/– વસુલ લેવામાં આવેલ હતા.

TOP

## ''નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭'' અંતર્ગત ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ

''નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત ૨૦૦૭'' અંતર્ગત તા.૦૫/૧૦/૦૭ ને શુક્રવારના રોજ સવારે ૯ : ૦૦ થી ૦૨ : ૦૦ કલાક દરમ્યાન બી.પી. અર્બન હેલ્થ સેન્ટર દ્વારા પ્રણામી મંદિર આંબેડકર બાગની સામે, નવી ચાલના ચોગાનમાં ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

મેડીકલ કેમ્પના કાર્યક્રમનું શુભ ઉદઘાટન આસી.કમિશનરશ્રીના વડપણ હેઠળ દીપ પ્રગટાવી કરવામાં આવ્યું. આ કેમ્પમા મ્યુ.સદસ્ય શ્રી હિરલબેન પાનવાલા, ઝોનલ ઓફિસર શ્રી ડી.એમ.જરીવાળા, આસી. આરોગ્ય અધિકારી ડો. પી.એચ.ઉમરીગર, આસી.જંતુનાશક અધિકારી શ્રીમતી ગાયત્રીબેન જરીવાળા હાજર રહ્યા હતા તથા બી.પી. અર્બન હેલ્થ સેન્ટરનો તમામ સ્ટાફ હાજર રહ્યો હતો.

સદર કાર્યક્રમમાં કુલ ૧૭૫ દર્દીઓને સારવાર આપવામાં આવેલ જે પૈકી તાવના ૪૯, એ.આર.આઈ.ના ૬૭, **STD** ના ૦૪, ડાયેરીયાના ૦૩ તેમજ ડિસેન્ટ્રીના ૦૨ કેસો તપાસવામાં આવ્યા હતા. ૭૮ વ્યકિતઓને રસીકરણની સારવાર આપી મેલેરિયાના તપાસ માટે બ્લડની ૪૯ સ્લાઈડ લેવામાં આવી હતી. આર્યન ફોલીક એસિડની ૬૦ ગોળીઓ, ૨૨ કોન્ડોમ, ઓ.આર.એસ. ના ૦૬ પેકેટ તેમજ ૧,૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું. સદર કાર્યક્રમમાં જાતિય રોગની અટકાયત માટે પગલાંઓ, ક્ષય રોગની સીધી દેખરેખ હેઠળની સારવારનું મહત્વ તથા કુટુંબ નિયોજનના સાધનો વિશે આવનાર તમામ લોકોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

**TOP**

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની રોડ સાઈડ માર્જીનમાં તેમજ ફુટપાથ પર થયેલ દબાણ દુર કરવાની કામગીરી

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં તા.૦૫/૧૦/૦૭ના રોજ મુખ્ય રસ્તા પરના રોડ સાઈડ માર્જીનમાં તેમજ ફુટપાથ પર થયેલ દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

સીટી લાઈટ રોડ વિસ્તારમાં ૬૦થી વધુ લારી–ગલ્લા, કાઉન્ટર, એસ.ટી.ડી.બુથ, સાઈન બોર્ડ વિગેરેનું દબાણ દુર કરેલ છે. વધુમાં હરી ક્રિષ્ના હાર્ડવેર, ગોકુલમ બેકરી, જનતા આઈસ્ક્રીમ, અશોક પાન, હિન્દુસ્તાન ડ્રાઈકલીનર્સ, શ્રી સાંઈ ટાયર સર્વિસ, શીવપુજા ફ્રુટસ અને પુજન એપાર્ટમેન્ટની બાજુમાં વિગેરે મિલ્કતોના માર્જીનમાં કરવામાં આવેલ દબાણ તેમજ પતરાના શેડો દુર કરાવી માર્જીન ખુલ્લુ કરાવેલ છે. સદર કામગીરી પેટે રૂા.૫,૨૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનના ટેકનીકલ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

TOP

## શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ) ની કામગીરી

શહેર સુરતનાં ટી.પી.સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફા.પ્લોટ નં. ૬૭ વાળી સહારાદરવાજા બહાર સ્મીમેર હોસ્પિટલ સામે આવેલ જમીનમાં (સાંઈ કિરણ) તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં ટીડીઓ નં. ૧૨૬, તા.૧૯/૦૮/૯૯ થી મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ બેઝમેન્ટના પાર્કિંગવાળા ભાગમાં આશરે ૨૫૦૦ ચો.ફૂટ ભાગમાં હેતુફેર કરી, પેકેજીંગ તથા તેને લગતી સંલગ્ન કામગીરીના મશીનો શરૂ કરવામાં આવેલ. જે ભાગને આજરોજ ડાયરેકટર ઓફ પ્લાનિંગશ્રીની સુચનાથી શહેર વિકાસ અધિકારીશ્રી ના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ) સ્ટાફ મારફત સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન ઉધનાની દબાણ હટાવવા અંગેની કામગીરી

સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં ડે.મ્યુ.કમિશનરશ્રી (જન) નાં માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી (ઉધના) ઝોન તેમજ વરાછા ઝોનની સીધી દેખરેખ હેઠળ બમરોલી અલથાણ બ્રીજ તરફ જતા ૧૫૦ ફૂટના રસ્તા પર પિયુષ ચાર રસ્તાથી પત્રકાર કોલોની ચાર રસ્તા પર ફુટપાથ પર અંદાજે ૪૫ (જેટલી) દુકાનોના પતરાનાં શેડનાં દબાણો દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. તેમજ અંદાજે ૧૫ (પંદર) જેટલી લારી–ગલ્લા તેમજ ટેલીફોન એસ.ટી.ડી.કેબીન, સાઈન બોર્ડ, વિગેરે દબાણ હટાવી દબાણ ડેપો ખાતે જમા કરાવવામાં આવેલ છે. તેમજ પત્રકાર કોલોનીથી ગોવાલક જકાતનાકા સુધીના ૬૦ ફુટના રસ્તા પર અંદાજે ૫૨(બાવન) જેટલી કાચી/પાકી પતરાની, દુકાનોનું દબાણ દુર કરી આશરે ૬૦૦૦ ચો.ફૂટ જેટલો રસ્તો ખુલ્લો કરવાની કામગીરી ચાલુ છે. સદર રસ્તા પર ટ્રાફિક નું ભારે દબાણ વધુ હતું જે દબાણ દુર થતા ટ્રાફિકની અવર જવર સહેલાઈથી થઈ શકશે.

આ કામગીરી સાઉથઝોન (ઉધના)ના શહેર વિકાસ સ્ટાફ દબાણ સ્ટાફ તેમજ (વરાછા) ઝોનના, ડે.ઈજનેરશ્રી, તેમજ શહેર વિકાસ તેમજ દબાણ સ્ટાફ નાં સહકારથી કરવામાં આવેલ. તેમજ મશીનરી–૨(બે) જે.સી.બી. મશીન બે ટ્રક તેમજ ત્રણ મઝદા ગાડી તેમજ ત્રીસ જેટલા બેલદારોની મદદથી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ વધુમાં આ કામગીરી દરમ્યાન વહીવટી ચાર્જ પેટે ૧૧,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત શહેરી બસ સર્વિસમાં સ્વાતંત્ર્ય સેનાનીઓને બસ ભાડામાં ૧૦૦% રાહત

સુરત મહાનગરપાલિકાદ્વારા ચલાવવામાં આવતી સુરત શહેરી બસ સર્વિસમાં સ્વાતંત્ર્ય સેનાનીઓને બસ ભાડામાં ૧૦૦% રાહત આપવામાં આવનાર છે. જેથી સુરત શહેરમાં વસતા સ્વાતંત્ર્ય સેનાનીઓને છાપેલું ફોર્મ મહાનગર સેવા સદન દ્વારા તેઓનાં સરનામે મોકલી આપવામાં આવશે. આ ફોર્મ ભરીને તેઓએ બે ફોટા તથા સ્વાતંત્ર્ય સેનાનીનાં સર્ટીફીકેટની નકલ સહિત ડે.કમિશનરશ્રી(સ્પે.), સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરત – ૩૯૫૦૦૩ને પરત કરવાનું રહેશે. ત્યારબાદ આ સ્વાતંત્ર્ય સેનાનીઓને બસ ભાડામાં વિનામૂલ્યે સફર કરવા અંગેનાં આઈ–કાર્ડ પહોંચાડવામાં આવશે. આ આઈ–કાર્ડ ફકત બસ સેવા માટે જ ઉપયોગમાં લઈ શકાશે. આ કાર્ડ અન્ય ઉપયોગમાં લઈ શકાશે નહીં.

TOP

## સુરત મહાનગર સેવા સદનના એનર્જી એફીસીયન્સી સેલ દ્વારા પાણી પુરવઠા તથા સુએઝ ડીસ્પોઝલની એચટી સર્વિસો માટે ૧૦% રાહત

**GUVNL** તથા તેની સંલગ્ન ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓ મારફત વર્ષ ૨૦૦૬–૦૭ માટેનો ટેરીફ નક્કી કરવા અંગે **GERC** માં પીટીશન દાખલ કરવામાં આવેલ. સદર પીટીશન સામે સુરત મહાનગર સેવા સદનના એનર્જી એફીસીયન્સી સેલ દ્વારા મહાનગર સેવા સદનોની પાણી પુરવઠા તથા સુએઝ ડીસ્પોઝલની એચટી સર્વિસો માટે અલગ ટેરીફ નક્કી કરવા માટે રજુઆત કરવામાં આવેલ હતી. સદર રજુઆતની સફળતા સ્વરૂપે GERC એ **DGVCL** ની પાણી પૂરવઠાની એચટી સર્વિસો માટે ડીમાન્ડ ચાર્જીસમાં ૧૦% રાહત આપેલ હતી, પરંતુ **DGVCL** દ્વારા સદર ટેરીફ ઓર્ડરમાં સુએઝ ડીસ્પોઝલ સિસ્ટમની એચટી સર્વિસોને લાગુ પડતો નથી એવું અર્થઘટન કરી, ઔદ્યોગિક ગ્રાહકોને લાગુ પડતા ડીમાન્ડ ચાર્જીસ લાગુ પાડવાનું ચાલુ રાખેલ. સદર બાબત તુરંત એનર્જી એફીસીયન્સી સેલના ધ્યાને આવતાં **DGVCL** માં લેખિત તથા રૂબરૂ રજુઆતો કરવા છતાં સદર બાબતે **DGVCL** તરફથી હકારાત્મક પ્રતિભાવ ન મળતાં આ ક્ષેત્રે જાણીતા વકીલ શ્રી આઈ.જે.દેસાઈની વકીલ તરીકે નિમણૂંક કરી સદર અયોગ્ય અર્થઘટન સામે, ટેરીફ નક્કી કરવાની સત્તા ધરાવતી સંસ્થા **GERC** માં **DGVCL** સામે પીટીશન દાખલ કરેલ તેમજ અગાઉના ટેરીફ ઓર્ડરની અમલીકરણનો માસ એટલે કે એપ્રિલ–૨૦૦૬ થી પીટીશનની દાખલ કર્યાની તારીખ સુધી સુએઝ ખાતાની એચટી સર્વિસો માટે ભરેલ વધારાના ડીમાન્ડ ચાર્જીસ તથા ત્યારબાદ ભરવામાં આવનાર વધારાના ડીમાન્ડ ચાર્જીસનું રીફન્ડ કરવા પણ રજુઆત કરવામાં આવેલ.

સુરત મહાનગર સેવા સદનની રજુઆત સફળતાના પરિણામે **GERC** ના તા.૨૯/૦૯/૦૭ ના ઓર્ડરથી સુએઝ ડીસ્પોઝલ સિસ્ટમની એચટી સર્વિસો માટે પણ પાણી પૂરવઠાની એચટી સર્વિસોની જેમ ડીમાન્ડ ચાર્જીસમાં ૧૦% રાહત આપેલ છે તથા **DGVCL** ને સુરત મહાનગરપાલિકાદ્વારા વધારાના ડીમાન્ડ ચાર્જીસ પેમેન્ટ કર્યાની તારીખથી **DGVCL** સુરત મહાનગર સેવા સદનને પેમેન્ટ કરશે તે તારીખ સુધી વધારાની ચૂકવેલ રકમ ૯% વ્યાજ સહિત ચૂકવવાનું જણાવેલ છે.

સદર ડીમાન્ડ ચાર્જીસમાં ૧૦% રાહતને પરિણામે સુરત મહાનગર સેવા સદનને પાણી પૂરવઠાની એચટી સર્વિસો માટે રૂા.૧૫.૮૦ લાખ/વર્ષ તથા સુએઝ ડીસ્પોઝલ સિસ્ટમની એચટી સર્વિસો માટે રૂા.૨.૨૦ લાખ પ્રતિ વર્ષ મળીને કુલ રૂા.૧૮.૦૦ લાખ/વર્ષ જેટલો ફાયદો થશે તથા નવા વિસ્તાર માટે ભવિષ્યમાં બનનાર વોટર સપ્લાય તથા સુએઝ ડીસ્પોઝલની એચટી સર્વિસો માટે પણ ફાયદા મળશે.

**TOP**

## શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ) ની કામગીરી

શહેર સુરતનાં ટી.પી.સ્કીમ નં.૨૪ (ટુંકી) ફા.પ્લોટ નં. ૩૪ પૈકી, સબપ્લોટ નં.૧ વાળી વેડ રોડ, અખંડ આનંદ કોલેજ સામે આવેલ જમીનમાં "રોયલ પ્લાઝા" તરીકે ઓળખાતી બિલ્ડીંગની પશ્ચિમ દિશા તરફે તથા દક્ષિણ દિશા તરફે ઓપન પાર્કિંગ તથા માર્જીનવાળા ભાગમાં મંજુર પ્લાન વિરૂધ્ધ આશરે ૨૫૦૦ ચો.ફૂટમાં લોખંડનું ફેબ્રીકેટેડ સ્ટ્રકચર બનાવી તેની ઉપર પતરા નાખી, ચણતરની દિવાલ બનાવી કવર્ડ કરવામાં આવેલ. જે આજ રોજ ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રીની સુચનાથી શહેર વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠણ શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ) તથા નોર્થઝોન (કતારગામ)ના દબાણ સ્ટાફ મારફત દુર કરવાની કાર્યવાહી હાથ ધરેલ. સદર કામગીરી પેટે મિલ્કતદારશ્રી નટવરલાલ ભગવાનભાઈ સવાણી તથા અન્ય પાસે ડીમોલીશન ખર્ચ પેટે રૂા.૯૨૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન (વરાછા) ની દબાણ હટાવવા અંગેની કામગીરી

### મેડીકલ કોલેજ ગેટ પાસેથી તથા આજુ બાજુનું દબાણ હટાવવા બાબત.

સુરત મહાનગરપાલિકાપૂર્વ ઝોન (વરાછા) ખાતે મેડીકલ કોલેજ ગેટ પાસેથી તથા આજુ બાજુના વિસ્તારમાં રોડ પર લારી/ગલ્લાનું દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. ખુલ્લી લારીના નંગ – ૪, ખુરશી – ૧૦, પ્લાસ્ટીકના લુઝ, લાકડાના ટેબલ – ૨ તથા  આજુ બાજુના વિસ્તારમાં મૂર્તિઓ વેચનારાઓનું દબાણ પણ દુર કરવામાં આવેલ.

સામાન મળી કુલ – ૧ ૬ નંગ સામાન પૂર્વ ઝોન (વરાછા)ના દબાણ ડેપો પર જમા લેવામાં આવેલ હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૨/૧૦/૦૭ થી તા.૨૧/૧૦/૦૭ સુધી ફુડ ફેસ્ટિવલનું આયોજન

નવરાત્રિના પર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતની સ્વાદપ્રિય જનતાને એક જ સ્થળે વિવિધ વાનગીઓના રસપ્રદ કરાવતા ફુડ ફેસ્ટિવલનું આયોજન મ્યુ.પાર્ટી પ્લોટ, ક્રાંતિ મેદાન, ભાતની વાડી, વરાછા ઝોન ઓફિસની સામે, વરાછા, સુરત ખાતે કરવામાં આવ્યું છે. તા.૧૨/૧૦/૦૭ થી તા.૨૧/૧૦/૦૭ સુધી ચાલુ રહેનારા આ ફુડ ફેસ્ટિવલમાં વિવિધ વાનગીઓના વિવિધ સ્ટોલોના સથવારે નીચે મુજબના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન થયું છે, જેમાં જાહેર જનતાને આ શુભ અવસરે સાંસ્કૃતિક કાર્યક્રમોનો લ્હાવો માણવા હાર્દિક નિમંત્રણ.

**—:સાંસ્કૃતિક કાર્યક્રમો :—**

| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગતે | સમય |
|---|---|---|---|
| 1. | 12/10/07 શુક્રવાર | મહા આરતી— રંગારંગ કાર્યક્રમ | રાત્રે ૭ : ૩૦ કલાકે |
| 2. | 13/10/07 શનિવાર | રાસ—ગરબા | રાત્રે ૮ : ૦૦ કલાકે |
| 3. | 14/10/07 રવિવાર | અંધજન ઓરકેસ્ટ્રા | રાત્રે ૮ : ૦૦ કલાકે |
| 4. | 15/10/07 સોમવાર | ગરબા | રાત્રે ૮ : ૦૦ કલાકે |
| 5. | 16/10/07 મંગળવાર | નૃત્ય નાટિકા અને રાસ | રાત્રે ૮ : ૦૦ કલાકે |
| 6. | 17/10/07 બુધવાર | લોક નૃત્ય | રાત્રે ૮ : ૦૦ કલાકે |
| 7. | 18/10/07 ગુરુવાર | રંગારંગ સાધના રમઝટ | રાત્રે ૮ : ૦૦ કલાકે |
| 8. | 19/10/07 શુક્રવાર | રંગારંગ કાર્યક્રમ | રાત્રે ૮ : ૦૦ કલાકે |
| 9. | 20/10/07 શનિવાર | સાંસ્કૃતિક કાર્યક્રમ | રાત્રે ૮ : ૦૦ કલાકે |
| 10. | 21/10/07 રવિવાર | દોઢિયા સ્પર્ધા | રાત્રે ૯ : ૦૦ કલાકે |

TOP

## સપ્ટેમ્બર ૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમા સપ્ટેમ્બર માસ દરમ્યાન ૧૨૩૧૯ ઈન્ડોર તથા ૩૪૯૨૦ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૧૭ તથા ૬૨૩ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૬૧૦૨ એક્ષ રે પાડવામાં આવ્યા હતા. ટી.બી ના નવા ૨૯૬ અને જુના ૩૪૦ દર્દીઓ સહિત કુલ ૬૩૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૭૪૧ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૨૯૫ તથા આંખ વિભાગ માં ૨૫૨૦ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૦૨૭૦ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

TOP